# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# REV GREEN ASHA HORMUZ

ભારતીય ધ્વજવાળું LPG ટૅન્કર “ગ્રીન આશા” ઈરાનની નજીક હોર્મૂઝ સામુદ્રધુનીમાંથી  સફળતાથી પસાર થઈ ભારત તરફ આવી રહ્યું છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયેલ સાથે સંઘર્ષ વધ્યા બાદ આ સામુદ્રધુની બંધ કરી દીધી હતી. આ માર્ગ વૈશ્વિક ઉર્જા પૂરવઠા માટે ઘણો મહત્વનો છે. કારણ કે, તેનાથી કુલ વૈશ્વિક પેટ્રોલિયમ વેપારના 20 ટકા વહન થાય છે.

જોખમો વચ્ચે ભારતીય જહાજોની અવરજવર સલામત રહી છે. અગાઉ  મોકલાયેલા જહાજોમાં LPG વાહક B.W—T.Y.R, BW—ELM, પાઈન ગેસ અને જગ વસંત સામેલ છે. તેના દ્વારા સામૂહિક રીતે 92 હજાર ટનથી વધુ LPGનો જથ્થો આવ્યો છે.

.

# ELECTIONS NOTIFICATION

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં રાજ્યભરમાં આજથી ઉમેદવારીપત્ર ભરાવવાનું શરૂ થશે. ઉમેદવારો આગામી 11 તારીખ સુધી ઉમેદવારી નોંધાવી શકશે. જ્યારે 13 તારીખે ઉમેદવારીપત્રોની ચકાસણી અને 15 તારીખ સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે.

ઉલ્લેખનીય છે કે, આગામી 26 એપ્રિલે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની પેટા-ચૂંટણી યોજાશે. જ્યારે 28 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે.

# JND LOCAL BODIES ELECTION

જુનાગઢમાં આગામી 26 તારીખે જિલ્લા પંચાયતની 30 અને નવ તાલુકા પંચાયતની 158 બેઠક માટે મતદાન થશે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી અનિલ રાણાવસ્યાએ કહ્યું, આ માટે સમગ્ર જિલ્લામાં 900થી વધુ મતદાનમથક તૈયાર કરાશે.

(VOICECAST: SANJIV MEHTA)

# DANG CONTROL ROOM

ડાંગમાં જિલ્લા અને તાલુકા પંચાયતોની આગામી ચૂંટણીઓને લઈ જિલ્લાકક્ષાએ હેલ્પલાઇન અને ફરિયાદ નિવારણ અંગેનો નિયંત્રણ કક્ષ શરૂ કરાયો છે. જિલ્લા ડિઝાસ્ટર શાખા, કલેક્ટર કચેરી આહવા – ડાંગ ખાતે શરૂ કરાયેલો આ નિયંત્રણ કક્ષ આગામી 26 એપ્રિલ સુધી 24 કલાક સાતે - સાત દિવસ કાર્યરત્ રહેશે.

# TAPI STUDENT RALLY

તાપીના વાલોડના સ્યાદલા ખાતે વિદ્યાર્થિનીઓ દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી ચૂંટણીમાં લોકોને મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરાયા. સાથે જ વિદ્યાર્થિનીઓએ “મતદાન મારો અધિકાર” જેવા સૂત્ર સાથેના બેનરથી લોકોને જાગૃત કર્યા હતા.

# TAPI HOMEOPATHY DAY

વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણીના ભાગરૂપે તાપીમાં હોમિયોપેથિક કોલેજ અને સંશોધન કેન્દ્ર દ્વારા જાગૃતિ રેલી યોજાઈ. હોમિયોપેથિક દવાના શોધક જર્મન ચિકિત્સક ડૉક્ટર સેમ્યુઅલ હેનિમેનની યાદમાં યોજાયેલી આ રેલીમાં વિદ્યાર્થીઓ અને કોલેજનાં પ્રાધ્યાપક જોડાયા હતા. તેમણે હોમિયોપેથિક દવાના લાભ અંગે લોકોને જાગૃત કર્યા હતા. આ અંગે વિદ્યાર્થી કલ્પેશ શાહે વધુ માહિતી આપી.

**(BYTE: KALPESH SHAH, STUDENT,**

**HOMEOPATHY COLLEGE VYARA)**

# STATE WEATHER FORECAST

રાજ્યમાં આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. આ અંગે હવામાન વિભાગે જણાવ્યું, ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં આવતીકાલથી બે દિવસ સામાન્ય વરસાદ થવાની સંભાવના છે.

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 36.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટમાં નોંધાયું છે.